EXE R NO.38/2026

**// આંક–૧ લગત હુકમ //**

સદર કામે આજરોજ પ્રતિવાદી વિરુદ્ધનું આંક:૧૫ નું એટેચમેન્ટ વોરંટ ની બજવણી માટે ડીક્રી હોલ્ડર ના જવાબદાર અધિકારીને સાથે રાખી બજવણી માટે હાજર રહેવા જાણ કરેલ હોવા છતાં તેઓ હાજર રહેલા ન હોય સદર વોરંટ ની બજવણી થયેલ ન હોવાના શેરા સાથે વગર બજે પરત ફરેલ હોય ; આમ, અદાલતને માનવાનું કારણ રહે છે કે, સદરહુ દરખાસ્ત અન્વયે હુકમનામા અંગે ડીકરી હોલ્ડર ને એટેચમેન્ટ વોરંટ નીબજવણી માં રસ નથી. વધુમાં, **નામદાર સુપ્રીમ કોર્ટ, સિવિલ અપીલ નં:૩૬૪૦–૩૬૪૨/૨૦૨૫, પેરીયામ્લ ના વારસો વિરુદ્ધ રાજમણી અને બીજા** ના જજમેન્ટ માં ઠરાવ્યા પ્રમાણે દરખાસ્ત નો અમલ છ મહિનામાં કરવો જોઈએ પરંતુ જયારે સદર દરખાસ્ત આગળ ચલાવવામાં ડીક્રી હોલ્ડરને રસ ન હોય, સદર દરખાસ્ત કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી વગર પેન્ડીંગ રહે છે અને અદાલત પ્રયત્નો કરવા છતાં આગળની કાર્યવાહી હાથ ધરી શકે તેવું થતું નથી. આ સંજોગોમાં સદરહુ દરખાસ્ત વધુ સમય કોઇપણ જાતની કાર્યવાહી વગત પડતર રાખવી યોગ્ય કે ન્યાયી જણાતું ન હોય તેથી ડીક્રી હોલ્ડર ની કસુરના કારણે ફરી દાખલ કરવાની મંજુરી સાથે સદર દરખાસ્ત ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૫/૦૬/૨૦૨૬ [ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ]

સ્થળ:જામનગર એડીશનલ સિવિલ જજ, જામનગર